# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૯ તા.૧૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- હિમાલીયા મેડીટેશન શિબિરમાં સ્વૈચ્છિક રીતે ભાગ લેવા બાબત

સંદર્ભ :- નં.બાઆઓયુ/રજી/વહી/૩૦૮૩૫/૨૦૨૧ તા.૧૬-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે હિમાલીયન મેડીટેશનનું આયોજન કરેલ છે. સદર આયોજન નીચે દર્શાવેલ સમય,તારીખ અને સ્થળે યોજેલ છે. તો રસ ધરાવતા શિક્ષકોને સ્વૈચ્છિક ભાગ લેવા જણાવવામાં આવે છે. ભાગ લેવા ઈચ્છતા શિક્ષકોએ તા.૧૮-૧૨-૨૦૨૧ને શનિવારના રોજ આપેલ લીંક કે મોબાઈલ નંબર પર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે તથા પોતાના માસ્ક અને વેકશીનેશન સર્ટી. પણ સાથે લાવવાનું રહેશે. વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં આપેલ વેબસાઈટ તથા ફોન નં. ૭૫૭૩૯૬૧૭૫૬/ ૯૫૧૨૦૧૦૦૦૮ નો સંપર્ક કરશો.

તારીખ : ૧૯-૧૨-૨૦૨૧ / રવિવાર

સમય : સાંજે ૪-૦૦ થી ૭-૦૦

સ્થળ: કશ્યપ ઓડિટોરીયમ,‘જ્યોતિર્મય પરિસર’
ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી માર્ગ
એસ.જી.હાઈ-વે, છારોડી, અમદાવાદ

બિડાણ :- સંદર્ભિત પત્ર તથા બ્રોસર

તા.૧૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

BAOU
Education for all
# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી, અમદાવાદ-382 481.
Website : www.baou.edu.in

નં.બાઆંઓયુ/રજી/વહી/ 30835/2021 તા.16/12/2021

પ્રતિ,
ચેરમેનશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
એલિસબ્રિજ શાળા નંબર 10,
નવરંગપુરા, અમદાવાદ – 9

વિષય: તા. 19-12-2021 ના રોજ આયોજિત "Himalayan Meditation" કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ બાબત.

નમસ્કાર !

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે "Himalayan Meditation" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. હિમાલયન ધ્યાન એ ગુરુ પાસેથી તેમના શિષ્યને વારસામાં મળેલ 'સંસ્કાર' છે, જે હવે સમાજમાં આ મૂલ્યોનો પરિચય કરાવે છે. આનંદમય ચેતનાનો અનુભવ કરવા અને તમને નવા ઉચ્ચ આધ્યાત્મિક પરિમાણો પર લઈ જવા માટે અમે તમારી સુવર્ણ હાજરીની રાહ જોઈ રહ્યા છીએ.આ કાર્યક્રમમાં આપની સાથે જોડાયેલ તમામ શિક્ષક ગણ અને સ્ટાફ સાથે ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. સદર કાર્યક્રમ વ્યક્તિત્વ વિકાસને ધ્યાને લઇ મેડીટેશન સાથે આયોજીત કરવામાં આવેલ છે. કાર્યક્રમનું સ્થળ ઉપર મુજબ યુનિવર્સિટી સરનામે રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમમાં જોડાવાની રજીસ્ટ્રેશન લીંક https://forms.gle/L3Je8T7nBZwyUjNh8 છે. કાર્યક્રમનું નિમંત્રણ આ સાથે સામેલ છે.

સદર કાર્યક્રમ તા.19/12/2021 રવિવારના રોજ સમય સાંજે 04:00 થી 07:00 રાખવામાં આવેલ છે જેમાં સર્વે શિક્ષકો ઉપસ્થિત રહે તે અંગે આપની કક્ષાએથી સર્વે શિક્ષકોને જોડય તેવું આયોજન કરવા વિનંતી છે.

આભાર સહ,

ડૉ. ભાવિન ત્રિવેદી
કા. કુલસચિવ

બિડાણ : "Himalayan Meditation" કાર્યક્રમ નિમંત્રણ કાર્ડ

BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
# Open University
(Established by Government of Gujarat)

Gurutattva

and

## Shree Shivkrupanand Swami Foundation

Cordially Invite You

To

# Himalayan Meditation

By



**Maharshi Shri Shivkrupanand Swami**

Founder of Himalayan Meditation

Date

**19th December 2021, Sunday**

Time

**04:00 PM - 07:00 PM**

Event Venue

**Kashyap Auditorium,
"Jyotirmay" Parisar, Dr. Babasaheb Ambedkar
Open University Marg, S.G. Highway, Chharodi,
Ahmedabad - 382481**

https://gurutattva.org For more information visit www.baou.edu.in

(P.T.O.)

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

BAOU Education for All

Gurutattva

**Dr. Babasaheb Ambedkar Open University** is the only State Open University of Gujarat, providing Open and Distance Higher Education from last 27 years. It offers 70+ Programmes through 250+ Study Centres, 06 Regional Centres. In the leadership of Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, the university has achieved academic and administrative milestones along with noble social initiative like providing Free-of-Cost Education to War-widows and Covid-orphaned. The university is marching ahead on the ideals of Bharat Ratna Dr. Babasaheb Ambedkarji, executing the National Education Policy-2020 and fulfilling its motto of "Education for All".

**Shree Shivkrupanand Swami Foundation** - provides the experience of transition from stress to soulful serenity in the divine proximity of Maharshi Shri Shivkrupanand Swami. Himalayan Meditation is a 'Sanskar' inherited from Guru to his disciples, now introducing these values to the society, we await your golden presence to experience this blissful consciousness, taking you to new Higher Spiritual.

**Note**

* Mask Mandatory
* Soft Copy of Vaccine Certificate to be mandatorily shown on registration desk

**For Any Query Contact**

95120 10008
90164 32837

*Your esteemed presence will be our pleasure*

https://gurutattva.org For more information visit www.baou.edu.in

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૯-A તા.૧૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કલા મહાકુંભ-૨૦૨૧ તાલુકા/ઝોન/(મહાનગરપાલિકા)/મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જિ.ર.ગ.અ/૧૭૫૭ થી ૧૮૫૭/૨૦૨૧-૨૨ તા.૧૬-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં કલા મહાકુંભ-૨૦૨૧નું આયોજન કરવામાં આવનાર છે.આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે વધુને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

સદરહુ કલામહાકુંભનું ઓફલાઈન રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ ૦૬-૦૧-૨૦૨૦ છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જિ.ર.ગ.અ/ ૧૭૫૭ થી ૧૮૫૭ /૨૦૨૧-૨૨
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
૭મે માળ, રવિશંકર રાવળ કલાભવન,
એલીસબબ્રીજ જીમખાના પાસે, લો ગાર્ડન,
અમદાવાદ
તા. ૧૬/૧૨/૨૦૨૧

પ્રતિ,
૧. આચાર્યશ્રી, પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચ.માધ્ય. શાળાઓ તમામ (અમદાવાદ શહેર).
૨ . રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૩. પ્રમુખશ્રી/મંત્રીશ્રી,સાંસ્કૃતિક મંડળો અમદાવાદ શહેર.
૪. ઝોન સાંસ્કૃતિક કન્વીનરશ્રીઓ અમદાવાદ શહેર તમામ.

**વિષય- કલા મહાકુંભ-૨૦૨૧ તાલુકા/ઝોન(મહાનગરપાલિકા)/મહાનગરપાલિકાકક્ષાની . સ્પર્ધાના આયોજન સંચાલન બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમા કલા મહાકુંભ –૨૦૨૧નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ કલા જાગૃતિ, પ્રતિભા શોધ અને યોગ્ય તક, સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવું. રાજ્ય સરકારે ગુજરાતનાં કલાકારોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવી યોગ્ય પ્રતિભાઓને શોધી યોગ્ય સ્ટેજ આપવા માટે સાંસ્કૃતિક મહોત્સવ તરીકે સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે.

કલા મહાકુંભમાં બહોળી સંખ્યામાં કલાકારો સ્પર્ધકો ભાગ લે તે હેતુથી તાલુકા/ **ઝોન(મહાનગરપાલિકા)** અને ત્યારબાદ જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભમાં કુલ ૩૦ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ૪ (ચાર) વયજુથમાં સમાવેશ કરી ભાઈઓ-બહેનો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

ખાસ નોંધ -

(1) ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોએ જન્મ તારીખ દર્શાવતુ ઓળખકાર્ડ, આધારકાર્ડ સાથે રાખવાનું ફરજિયાત રહેશે. અન્યથા આયોજકશ્રી ભાગ લેવા દેશે નહીં, જેની ખાસ કાળજી રાખવી.
(2) ઓફલાઇન ભરેલ ફોર્મ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ૭,માળ રવિશંકર રાવળ કલાભવન ,લો-ગાર્ડન, અમદાવાદ આ કચેરી આપવાનું ફરજિયાત રહેશે.
(3) અન્ય વધુ માહિતી માટે આ ફોન નંબર પર સંપર્ક કરવાનો રહેશે.
૧ ) શ્રી બી.જે.દેસાઇ (જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમદાવાદ) મો:- ૯૮૨૫૩૦૦૩૨૦
૨) શ્રી એસ.ડી. વ્યાસ (પ્રાંત યુવા વિકાસ અધિકારી,અમદાવાદ શહેર) મો:- ૮૭૮૦૨૩૫૫૧૮

**ઓફલાઈન રજીસ્ટ્રેશન અંતિમ તારીખ :- ૦૬/૦૧/૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરીએ ફોર્મ . જમા કરાવવાના રહેશે.**

**<u>ઝોન કક્ષાના આયોજન અધ્યક્ષ તરીકે ઝોન સાંસ્કુતિક કન્વીનરશ્રી રહેશે.</u>**

| ક્રમ | વિભાગ | જન્મ તારીખ થી જન્મેલ |
|---|---|---|
| ૧ | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૭ થી ૩૧/૧૨/૨૦૧૬ (વચ્ચે જન્મેલા) |
| ૨ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૧ થી ૩૦/૧૨/૨૦૦૭ (વચ્ચે જન્મેલા) |
| ૩ | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૬૨ થી ૩૦/૧૨/૨૦૦૧ (વચ્ચે જન્મેલા) |
| ૪ | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ) | ૩૧/૧૨/૨૦૦૧ કે તે પહેલા જન્મેલા |

જિલ્લા યુવા વિકાસ અધિકારી
અમદાવાદ

જિલ્લા શાસનાધિકારી
અમદાવાદ શહેર

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

# કલા મહાકુંભ – ૨૦૨૧-૨૨

## વ્યક્તિગત સ્પર્ધા માટેનું અરજી પત્રક   જિલ્લો- ............................

(૧) સ્પર્ધકનું નામ : ..........................................................................................................જાતિ : સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) શાળા/કોલેજનું નામ, સરનામુ: ..........................................................................................................

(૩) ઘરનું સરનામું : ..........................................................................................................

(૪) જન્મ તારીખ : ....................................(૫) ઉંમર...........(૬) આધાર કાર્ડ નંબર.......................................................

(૭) ધોરણ : ..........................................(૮) ઇ - મેઈલ આઈ.ડી.:.....................................................................

(૯) મોબાઈલ નંબર : .......................................................... (૧૦) મોબાઈલ નંબર (અન્ય): ..................................................

(૧૧) બેંકનું નામ:.............................................................. બ્રાંચનું નામ:.....................................................................

એકાઉન્ટ નં.: ............................................................................ આઈ.એફ.એસ.સી કોડ:..................................................

- સ્પર્ધકે ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. અને પસંદ કરી (√) નિશાની કરવી.

| ઉંમર વય મર્યાદા (૩૧/૧૨/૨૦૨૧ ને ધ્યાને રાખવી) | વય મર્યાદા | | (√) નિશાની કરવા માટે |
|---|---|---|---|
| | (૧) | ૬ થી ૧૪ વર્ષ | |
| | (૨) | ૧૫ થી ૨૦ વર્ષ | |
| | (૩) | ૨૧ થી ૫૯ વર્ષ | |
| | (૪) | ૬૦ થી ઉપર (ઓપન ગૃપ) ફ્કત રાજયકક્ષાએ | |

| કક્ષા | ક્રમ | કલા | (√) નિશાની કરવા માટે | કક્ષા | ક્રમ | કલા | (√) નિશાની કરવા માટે |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકા/ ઝોન કક્ષાએથી શરૂ | ૧ | ભરતનાટ્ટ્યમ | | સીધી પ્રદેશ કક્ષાએથી શરૂ | ૧૩ | સિતાર | |
| | ૨ | એકપાત્રીય અભિનય | | | ૧૪ | ગિટાર | |
| | ૩ | વકતૃત્વ | | | ૧૫ | કુચિપુડી | |
| | ૪ | નિબંધ | | | ૧૬ | ઓડીસી | |
| | ૫ | ચિત્રકલા | | | ૧૭ | મોહીનીઅટ્ટ્મ | |
| સીધી જિલ્લાકક્ષાએથી શરૂ | ૬ | કથ્થક | | | ૧૮ | વાયોલિન | |
| | ૭ | ઓર્ગન | | સીધી રાજ્યકક્ષાએથી શરૂ | ૧૯ | પખાવજ | |
| | ૮ | કાવ્ય લેખન | | | ૨૦ | મૃદંગમ | |
| | ૯ | ગઝલ શાયરી | | | ૨૧ | રાવણ હથ્થો | |
| | ૧૦ | લોકવાર્તા | | | ૨૨ | જોડીયાપાવા | |
| | ૧૧ | દુહા-છંદ-ચોપાઈ | | | ૨૩ | સારંગી | |
| | ૧૨ | સર્જનાત્મક કારીગરી | | | ૨૪ | સરોદ | |

| ક્રમ | સહાયકનું નામ | સંપર્ક નંબર | વાદ્યની વિગત |
|---|---|---|---|
| ૧ | | | |

- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે. (વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવો)
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

શાળા/સંસ્થાનાસહી/સિક્કા    સ્પર્ધકની સહી

નોંધ :- જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા તેમજ રાજ્યકક્ષા ખાતે વિજેતા કલાકારોએ પોતાના બેન્કના ખાતાની વિગત અચૂક પણે આપવાની રહેશે જેની નોંધ લેવી.

# <u>કલા મહાકુંભ – ૨૦૨૧-૨૨</u>

**સમૂહ સ્પર્ધા માટેનું અરજી પત્રક   જિલ્લો- ..............................**

**(૧) શાળા/કોલેજ/સંસ્થાનું નામ: ..............................................................................................................................**

**(૨)સરનામુ: ....................................................................................................................................................**

**(૩) સંચાલકશ્રીનું નામ:.................................................................(૪) ઈ - મેઈલ આઈ.ડી.:.................................................**

**(૫) મોબાઈલ નંબર : .......................................................... (૬) મોબાઈલ નંબર (અન્ય): ...........................................**

**::><u>તાલુકા/ ઝોન કક્ષા</u>(૧) ગરબા (૨) રાસ (૩) લોકનૃત્ય (૪) સમૂહ ગીત,::><u>જિલ્લા કક્ષા</u>(૧) સ્કુલ બેન્ડ, ::><u>રાજ્યકક્ષા</u>(૧) ભવાઈ**

**(૭) સ્પર્ધાનું નામ: ...................................................................... (૮) વયજૂથ: ..............................................**

| ક્રમ | સ્પર્ધકનું નામ | આધાર કાર્ડ નંબર | જન્મ તારીખ | ઉંમર | જાતિ (M/F) |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |
| ૯ | | | | | |
| ૧૦ | | | | | |
| ૧૧ | | | | | |
| ૧૨ | | | | | |
| ૧૩ | | | | | |
| ૧૪ | | | | | |
| ૧૫ | | | | | |
| ૧૬ | | | | | |
| **ક્રમ** | **સહાયકનું નામ** | **આધાર કાર્ડ નંબર** | **સંપર્ક નંબર** | **ઉંમર** | **જાતિ(M/F)** |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |

- આ સાથેના સંખ્યા પત્રકને ધ્યાને રાખી કલાકાર અને સહાયકની એન્ટ્રી બનાવવાની રહેશે.
- અધૂરી વિગત સાથેની એન્ટ્રી માન્ય ગણવામાં આવશે નહીં.
- સમૂહ નૃત્યની સ્પર્ધામાં ઓછામાં ઓછા ૧૨ કલાકાર અને વધુમાં વધુ ૧૬ કલાકાર ભાગ લઈ શકશે.
- ખાસ નોંધ - ગરબા, રાસ, લોક નૃત્ય ટીમમાં નીચેની વય ધરાવતા કલાકારો ઉપલી કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

**આચાર્યશ્રી/સંસ્થા સંચાલકના સહી સિક્કા**

<u>નોંધ</u>:-જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા તેમજ રાજ્યકક્ષા ખાતે વિજેતા કલાકારોએ પોતાના બેન્કના ખાતાની વિગત અચૂક પણે આપવાની રહેશે જેની નોંધ લેવી.

# કલા મહાકુંભ ૨૦૨૧-૨૨

## ગ્રુપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની ઉંમર, સંખ્યા, સહાયક અને સમય

| ક્રમ | કૃતિનું નામ | કલાકાર સંખ્યા | સમય | સહાયકોની સંખ્યા | કુલ | ઉંમર ગ્રુપ પ્રમાણે ભાગ લેવા માટેની કૃતિઓ ગ્રુપ વાઈઝ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ)રાજ્યકક્ષાએથી |
| A) સાહિત્ય વિભાગ | | | | | | | | | |
| ૧ | વકતૃત્વ | ૧ | ૫મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૨ | નિબંધલેખન | ૧ | ૪૦મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૩ | કાવ્ય લેખન | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૪ | ગઝલ શાયરી | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૫ | લોકવાર્તા | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૬ | દુહા-છંદ-ચોપાઈ | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| B) કલાવિભાગ | | | | | | | | | |
| ૭ | ચિત્રકલા | ૧ | ૧૨૦મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૮ | સર્જનાત્મક કારીગરી | ૧ | ૧૮૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| C) સાંસ્કૃતિકવિભાગ | | | | | | | | | |
| ૯ | લોકનૃત્ય | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૦ | રાસ | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૧ | ગરબા | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૨ | સમૂહ ગીત | ૮ | ૬ મિનિટ | ૫ | ૧૩ | √ | √ | × | × |
| ૧૩ | ભરતનાટ્યમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૪ | કથ્થક | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૫ | કુચિપુડી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૬ | ઓડીસી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૭ | મોહિની અટ્ટમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૮ | સિતાર | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૧૯ | ગીટાર | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૦ | સરોદ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૧ | સારંગી | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૨ | સ્કૂલ બેન્ડ | ૨૧ | ૧૫ મિનિટ | ૩ | ૨૪ | √ | √ | × | × |
| ૨૩ | ઓરગન | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૪ | પખાવજ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૫ | વાયોલિન | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૬ | મૃદંગમ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૭ | રાવણ હથ્થો | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૮ | જોડિયા પાવા | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૯ | ભવાઈ | ૧૦ | ૧૫ મિનિટ | ૫ | ૧૫ | ઓપન વિભાગ | | | |
| ૩૦ | એકપાત્રીય અભિનય | ૧ | ૬ મિનિટ | --- | ૧ | √ | √ | √ | √ |

# <u>કલા મહાકુંભના સામાન્ય નિયમો</u>

- કોઇ પણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- કોઇ પણ સ્પર્ધક, કોઇ પણ એકજ તાલુકા કે એકમ માંથી, સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઇ શકશે.
- ઇરાદા પૂર્વક કોઇપણ માહિતિ છૂપાવવી નહીં તેમજ ખોટી માહિતી આપવી નહીં, અન્યથા સ્પર્ધામાં આપનો પ્રવેશ રદ કરવામાં આવશે અને તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કોઇ પણ સ્પર્ધક, સહાયક અથવા તેના વાલીએ કોઇ પણ તબક્કે, આયોજકો, નિર્ણાયકશ્રીઓ કે કોઇ પણ વ્યક્તિ સાથે અસભ્ય કે ગેરવર્તન કરવું નહીં અન્યથા તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉંમરનો પુરાવો આપવો જરુરી છે. જેના માટે ચૂંટણી કાર્ડ, સંસ્થા – કોલેજનું આઇ કાર્ડ, આધાર કાર્ડ, જન્મ તારીખ દર્શાવતું કોઇ પણ સરકારી આધાર વિગેરેમાંથી કોઇ પણ એક પૂરાવો આપવો ફરજિયાત છે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. નવી કોઇ સગવડ ઉભી કરવા દેવામાં આવશે નહીં. કે આયોજકશ્રીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં.
- પોતાને જરુરી કોસ્ચ્યુમ, મેકઅપ, સેટીંગ્સ, સ્ટેજ પ્રોપર્ટી, સંગીતના સાધનો કે સ્પર્ધા માટે અન્ય જરુરી વધારાના સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.
- સ્પર્ધકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે, તમામ સ્પર્ધકો ને એક જ માહોલમાં નિર્ણાયકશ્રીઓ દ્વારા મૂલવી શકાય એટલા માટે, સ્પર્ધા માટેની કૃતિ, જનરલ લાઇટ્સ અને કોઇ પણ ઇફેક્ટ વગરની માઇક સીસ્ટમ સાથે જ રજૂ કરવાની રહેશે. જે આયોજક દ્વારા પુરી પાડવામાં આવશે.
- દરેક સ્પર્ધા માટે તેની નિયત સમય મર્યાદામાં, + કે - , ૧/૫ (૨૦%) ભાગના સમયની છૂટ આપવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાના બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે તે પ્રમાણે જાહેર કરવામાં આવશે. જે તે કલાકારોએ પરીણામ માટે પોતાના જિલ્લાની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના આગળના દિવસે, સ્પર્ધકે જાતે જ, કાર્યક્રમની વિગતો મેળવી લેવી, જેથી કોઇ ફેરફાર હોય તો માહિતગાર થઇ શકાય અને વિનાવિઘ્ને, સમયસર, યોગ્ય સ્થળે, સ્પર્ધામાં સફળતા પૂર્વક ભાગ લઇ શકાય. આ માટે આયોજક કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહશે.
- સ્પર્ધકોએ સ્વખર્ચે, તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે. પ્રદેશ અને રાજ્ય કક્ષાએ, પ્રવાસ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા આયોજકો દ્વારા ફાળવેલ જોગવાઇની મર્યાદામાં રહી કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.
- જે તે સ્પર્ધામાં, પરિશિષ્ટમા બતાવ્યા મુજબ જે તે કક્ષાએથી જ ભાગ લેવાનો રહશે. <u>ફક્ત સિનીયર સિટીજનો માટેની સ્પર્ધાઓ સીધી રાજ્ય કક્ષાએ યોજાશે.</u>
- તાલુકા કે કોર્પોરેશનના ઝોનના, દરેક ઉંમર ગ્રુપના, પ્રથમ વિજેતા જિલ્લા કક્ષાએ ભાગ લઇ શકશે, જિલ્લા કક્ષાના દરેક ઉંમર ગ્રુપના પ્રથમ વિજેતા પ્રદેશ કક્ષાએ ભાગ લઇ શકશે અને પ્રદેશ કક્ષાના દરેક ઉંમર ગ્રુપના પ્રથમ, અને દ્વિતીયવિજેતાઓ રાજ્ય કક્ષાએ ભાગ લઇ શકશે.

# <u>સ્પર્ધા માટેના નિયમો</u>

## (A) <u>સાહિત્ય વિભાગ</u>

### (૧) વકૃત્વ સ્પર્ધા :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
- સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઇ પણ વિષયમાં ભાગ લઇ શકશે, પરંતુ તેની જાણ સ્પર્ધાના ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

### (૨) નિબંધ લેખન :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનીટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

### (૩) કાવ્ય લેખન:-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૬૦ મિનીટમાં કવિતાની રચના કરવાની રહેશે
- કવિતાને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટૂંકમાં ભાવ રજૂ કરવાનો રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટી એ પોષક હોવી જરુરી છે.
- પ્રણય, રાષ્ટ્રભક્તિ, શૌર્ય, ઋતુ આધારિત ગીત, સામજિક, બાળગીત કે ભક્તિ ગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.

- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- સ્પર્ધા માટે ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઇ પણ એક વિષય ઉપર રચના કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનુ બંધારણ, ભાષા અને સમગ્ર રચના ઉપર આધારિત રહેશે.
- સ્પર્ધકની કવિતા એ કોઇપણની કવિતાની નકલ કરેલી, પાછળથી પણ જણાશે તો ગમે તે લેવલેથી, સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૪) ગઝલ-શાયરી :-

- ગઝલ- શાયરી ગુજરાતી કે હિંદી ભાષામાં લખી શકાશે.
- કૃતિ રચવા માટે ૬૦ મિનીટનો સમય આપવામાં આવશે.
- ગઝલ- શાયરી રચવા માટે ત્રણથી ચાર જુદાજુદા વિષયો આપવામાં આવશે. જેમાંથી હરિફે કોઇ પણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.
- નિર્ણયનો આધાર છંદ-મિટર, વિચારોની મૌલિકતા અને તેનું આયોજન, કલ્પના, ઉર્મિ, અલંકાર વિગેરે તેમજ સમગ્ર અસર ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..

## (૫) લોકવાર્તા:-

- ઇતિહાસને ઉજાગર કરતી, પ્રાચીન, ઉપદેશાત્મક, પ્રેરણાદાયક અને સમાજને સાચો માર્ગ ચિંધતી લોકકથાઓ આધારિત લોકવાર્તા રજૂ કરી શકાશે.
- રજૂઆતનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સહાયક તરીકે કોઇને પણ લઇ શકાશે નહીં પરંતુ વાર્તાકાર રાવણહથ્થો વગાડતા વગાડતા લોકવાર્તાની પ્રસ્તુતિ કરી શકશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ લોકવાર્તાકારને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, લોકવાર્તાની રજૂઆતની અસલી પ્રાચીન લઢણ, સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી

## (૬) દુહા, છંદ, ચોપાઈ :-

- દુહા, છંદ, ચોપાઈની રજૂઆત પ્રાચીન પરમ્પરા અને લોક સાહિત્ય આધારિત હોવી જોઈએ. ખાલી જોડકણા, કે અર્વાચિન રચનાઓથી બનેલ રચનાઓ રજૂ કરી શકાશે નહીં.
- સ્પર્ધામાં કંઠસ્થ કરેલા ઓછામાં ઓછા આંઠથી દસ દોહા-છંદ-ચોપાઈની રજૂઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રા મેળ અને અક્ષર મેળ , ચારણી ગીતો છંદો જેવા કે, સપાખરા, સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજૂઆત કરી શકાશે.
- સ્પર્ધાનો સમય ૧૫ મિનિટ નો રહેશે.
- વાધ્યો તરીકે હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો પ્રયોગ કરી શકાશે. ઈલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, સૂર, તાલ, લય, દુહા-છંદ -ચોપાઈની અસલી પ્રાચીન ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

# (B) કલા વિભાગ

## (૭) ચિત્રકલા:-

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનોસમય ૧૨૦ મિનીટનો રહેશે.
- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઇંગંના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઈંગ પેપર ૧૬"X ૨૪" અથવા ૨૪"X ૩૦" નો અનૂકુળતા પ્રમાણેનો આપવો.
- ચિત્રકલાનો વિષય સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધકે પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકાશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, ડ્રોઈંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..

## (૮) સર્જનાત્મક કારીગરી :-

- આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઇલાયચીના છોડા, પથ્થરના ટૂકડા કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ, તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઇઓના સૂચનો લક્ષમાં લેશું.
- જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મૂલ્ય ઉપજે એવા હોવા જોઇએ.
- જરુરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે.સ્થળ પર તૈયાર કરેલા મૌલિક નમૂનાને પ્રાધાન્ય અપાશે.
- સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ૧૮૦ મિનીટનો સમય આપવામાં આવશે.
- જરુરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી રાખવાના રહેશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, આકારમાં સપ્રમાણતા, કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

# (C) સાંસ્કૃતિક વિભાગ

## (૯) લોકનૃત્ય :-

- નૃત્યમાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- નૃત્ય એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઇઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્ય માં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.
- નૃત્ય જે પ્રદેશનુ રજૂ કરવા આપે પસંદ કર્યુ હોય તેના અનુરુપ જ એક્શન, ગાયકી, પહેરવેશ, તાલ અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમા, ચરી, ચકરી, તેહરતાલી, પનિહારી, ભવાઇ વિગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે નૃત્યનુ ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરુપ શુધ્ધ સ્વરુપનુ, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકરતા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, સુરીલાપણુ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ધૂમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆતજેવા નૃત્ય ના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૦) રાસ :-

- રાસમાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ થી ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- રાસ એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઇઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- રાસ બહારથી ગવડાવી શકાશે. રાસમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- રાસમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.
- દાંડિયા, મંજિરા, ઢાલ તલવાર કે કરતાલ સાથે પણ રાસ લઇ શકાશે.
- રાસમાં હાર્મોનિયમ, ઢોલ, તબલા, શરણાઇ, વાંસળી, મંજિરા, ખંજરી, ઝાંઝ વિગેરે જેવા રાસને અનુરુપ પ્રાચીન વાધ્યોનો જ પ્રયોગ કરી શકાશે. રાસની રજૂઆતમાં ઇલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહીં.

- રાસ જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરુપ જ એક્શન, લોકગાયકી, પહેરવેશ, અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના રાસ (જેવા કે મણિયારો, અઠંગો, કણબી, ઢાલ-તલવાર, પઢાર વિગેરે) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે રાસનુ ગીત પણલોકકલાના શુધ્ધ સ્વરુપનુ, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનુ માધુર્ય, સુરીલાપણુ, સુસ્પષ્ટ ઉચ્ચારણ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘૂમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા રાસના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૧) ગરબા :-**

- ગરબો પ્રાચીન કે અર્વાચીન કોઇપણ રજૂ કરી શકાશે. જે રજૂ કરો તે તેના મૂળ અને શુધ્ધ સ્વરુપમાં જ રજૂ કરવાનો રહેશે.
- ગરબામાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછી ૧૨ બહેનો અને ૪ સાજિંદા થઇ મહત્તમ ૧૬ થી ૨૦ કલાકારો ભાગ લઇ શકશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- ગરબામાં મહત્તમ ૪ વાધ્યકારો (સહાયકો) નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનુ રહેશે.પ્રાચીન ગરબો જો આપે પસંદ કર્યો હશે તો તેની રજૂઆતમાં ઈલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહીં. ગરબાના પ્રકાર અનુરુપજ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે.
- ગરબામાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી. ગરબે ફરતી બહેનો પૈકી ચારેક બહેનો ગવડાવે અને બાકીની બહેનોએ ઝીલી ગરબાની પ્રસ્તુતિ કરવાની રહેશે. ગરબો બહારથી ગવડાવી શકાશે નહીં.
- ગરબાની કૃતિ સમાજ માટે પોષક અને જે ગરબો રજૂ કરો (પ્રાચીન કે અર્વાચીન) તેને અનુરુપ જ હોવી જોઇએ. એટલેકે, એ પ્રાચીન હોય કે અર્વાચીન પણ તેનું એકજ સ્વરુપ રજૂ કરી શકાશે. મિશ્ર ગરબાની નોંધ મૂલવણી વખતે નકારાત્મક લેવામાં આવશે. સ્પર્ધામાં કેવળ જોડકણા વાળા કે મેડલી બનાવેલા ગરબા રજૂ કરવા નહીં. અન્યથા તે અનુસંધાને તેની મૂલવણી નિર્ણાયકશ્રીઓ દ્વારા કરવામાં આવશે. ખાસ કિસ્સામાં આયોજકો તેનો અસ્વિકાર પણ કરી શકશે. જેમાં કોઇ વાદ વિવાદ ચાલશે નહીં.
- ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઇએ તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ હોવા જોઇશે નહીં.
- ગરબાની રજૂઆત માટે, તાલી, ચપટી, મંઝીરા, દિવડા. માટલી, ગાગર, ઘડો, ગરબો વિગેરેનો ઉપયોગ થઇ શકશે.
- ગરબો જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરુપ જ એક્શન, ગાયકી, પહેરવેશ, અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના ગરબા (જેવા કે પ્રાચીન, અર્વાચીન, રબારી બહેનોનો, નાગરો બહેનોનો, કોળી બહેનોનો, વિગેરે) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે ગરબાનુ ગીત પણ એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકરતા રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનુ માધુર્ય, સુરીલાપણુ, તાલ, લય, સંગીત, સમસ્ત ગાનાર વૃન્દના ગરબાની સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘૂમવાની છટા, સુસ્પષ્ટ ઉચ્ચારણ, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા ગરબાના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૨) સમૂહગીત :-**

- સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં ૮ સ્પર્ધકો અને ૫ સહાયકો રાખી શકાશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- સમૂહગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, ગુજરાતી કે હિંદી માં પ્રસ્તુત કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૩) ભરતનાટ્યમ :-**

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક 'માર્ગમ' આધારિત નૃત્ય કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. વાધ્યો તરીકે મૃદંગમ, હાર્મોનિયમ/વાયોલિન, ફ્લુટ, તાલમ્ જેવા કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેંન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઇટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. નૃત્ય કૃતિ પત્યા બાદ આપની પેન ડ્રાઇવ કે સીડી આપે જ મેળવી લેવાની રહેશે.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, વેશભૂષા, ભાવ, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, પાદ ચલન (Foot work ), સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી પણ શકાશે નહીં.

**(૧૪) કથ્થક :-**

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. વાધ્યો તરીકે તબલા, હાર્મોનિયમ, સરોદ, ફ્લુટ જેવા કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેંન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઇટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. આઇટમ પત્યા બાદ આપની પેન ડ્રાઇવ કે સીડી મેળવી લેવી.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, વેશભૂષા, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, ખાસ પાદ ચલન (Foot work ), સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૫) કુચીપૂડી :-**

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેંન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ

પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઈટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. આઈટમ પત્યા બાદ આપની પેન ડ્રાઈવ કે સીડી મેળવી લેવી.

- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, ભાવ, ટેકનિક, વેશભૂષા, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, પાદચલન (Foot work ), સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૬) ઓડીસી:-

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ
- લાઈવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઈવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેંન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઈટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. આઈટમ પત્યા બાદ આપની પેન ડ્રાઈવ કે સીડી મેળવી લેવી.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, ટેકનિક, વેશભૂષા, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, પાદ ચલન (Foot work ),સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૭) મોહીની અટ્ટમ :-**

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઇટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. આઇટમ પત્યા બાદ આપની પેન ડ્રાઇવ કે સીડી મેળવી લેવી.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાર્જિત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાર્જિત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, ટેકનિક, વેશભૂષા, અભિનય કે અભિવ્યક્તિ, નૃત્યસંરચના, પાદ ચલન (Foot work ),સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૮) સિતાર :-**

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાર્જિત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, સિતારની ટેકનીક્સ તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૧૯) ગિટાર :-**

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાર્જિત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- ગિટાર ઉપર શાસ્ત્રિય કે ઉપશાસ્ત્રિય કોઇ પણ ધૂન વગાડી શકાશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, ગિટારની વિવિધ ટેકનીક્સ અને સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૨૦) સરોદ:-**

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાર્જિત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, સરોદની ટેકનીક્સ તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૨૧) સારંગી :-**

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાર્જિત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, બોઇંગ અને ઘસીટ ટેકનીક્સ તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૨૨) સ્કૂલ બેન્ડ :-**

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- આ સ્પર્ધામાં સ્કૂલ દીઠ ભાગ લેનારની સંખ્યા ૨૧ની રહેશે.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૦૩ ની રહેશે જે ટીમ મેનેજર રહેશે.
- બહારથી બેન્ડના વાર્જિત્રો વગાડવાના રહેશે નહીં. ડ્રીલ-માર્ચપાસ્ટ સાથે જ વગાડવાના રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, માર્ચપાસ્ટ, તાલ વૈવિધ્ય, કમાન્ડ, ગ્રાઉંડ મૂવમેંટ્સ, ફોર્મેશંસ, કો-ઓર્ડીનેશન, ફિનીશીંગ, ડ્રેસ, લય, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૩) ઓરગન :-

- સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- ઓરગનની ઉપર કોઇ પણ એક ધૂન વગાડી શકાશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, ઓર્ગનની વિવિધ ટેકનીક્સ અને સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૪) પખાવજ:-

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- ઉત્તર હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય તાલ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, તાલ વૈવિધ્ય, પખાવજના સ્પષ્ટ બોલ, લય, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૫) વાયોલિન:-

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, બોઈંગ અને ઘસીટ ટેકનીક્સ તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૬) મૃદંગમ:-

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- કર્ણાટકી શૈલીમાં, શાસ્ત્રિય તાલ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, તાલ વૈવિધ્ય, મૃદંગમના સ્પષ્ટ બોલ, લય, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૭) રાવણહથ્થો:-

- સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- લોકવાધ્ય શૈલીમાં, ભજન, લોકગીત, પ્રાદેશિક કથાઓ કે રુપકનો ઉપયોગ કરી, કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, બોઈંગ અને ઘસીટ ટેકનીક્સ તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૮) જોડીયા પાવા:-

- સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- લોકવાધ્ય શૈલીમાં, લોક સંગીત આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, બ્લોઇંગ ટેકનીક્સ અને સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૨૯) ભવાઇ:-

- આ સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- આ સ્પર્ધામાં ૧૦ કલાકારો અને ૫ સહાયકો થઇ મહત્તમ કુલ ૧૫ સ્પર્ધકો ભાગ લઇ શકશે.
- ભાગ લેનારે ભવાઇની પ્રસ્તુતિ માટે જરુરી સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે.
- ભવાઇ, પૌરાણિક વાર્તાઓ જેવી કે, રા નવઘણ, પ્રુથ્વીરાજ ચૌહાણ, વીર માંગડાવાળો, જેસલ તોરલ, હોથલ પદમણી, રાજા ભરથરી, હરિશચન્દ્ર તારામતી, રામલીલા વિગેરે જેવી પૌરાણિક વાર્તાઓની સ્ક્રીપ્ટ ને અસ્સલ ઢબથી, અસ્સલ ઢાળની ગાયકી અને પ્રાચીનસંગીત સાથે રજૂ કરવાની રહેશે. જેના માટે ભૂંગળ, તબલા, હાર્મોનિયમ, રામસાગર, ઝાંઝ, મંઝીરા, થાળી-ચમચી જેવા ભવાઇ ને અનુરુપ પૌરાણિક વાધ્યોનો જ પ્રયોગ કરવાનો રહેશે.
- વાર્તાની, સમાજને પોષક હોય તેવી ભાષામાં સ્ક્રીપ્ટની એક નકલ અરજી સાથે અને ત્રણ નકલ રજૂઆત વખતે નિર્ણાયકશ્રીઓ માટે અચૂક રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, વાર્તાની પસંદગી, પાત્રની પંસંદગી, વાસ્તવિકતા, અભિનય (આંગિક, વાચિક અને ભાવાત્મકતા), પાત્ર અનુરુપ વેશભૂષા, સંગીત, ગાયકી, પાત્ર પ્રવેશ, એકાત્મતા, સમય અને સમગ્ર રજૂઆત જેવા અભિનયના પ્રધાન અંગો ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૩૦) એકપાત્રિય અભિનય:-

- આ સ્પર્ધા માટેનો સમય ૬ મિનિટનો રહેશે.
- અભિનયની સ્ક્રીપ્ટ, લેખકનું નામ અને નાટ્ય વિષય વસ્તુ અગાઉથી આપવાની રહેશે.
- એકપાત્રિય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે અને તે માટેની જરુરી સાધન સામગ્રી કલાકારે પોતે લાવવાની રહશે. પરંતુ નિર્ણય માટે વેશભૂષાને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
- કોઇપણ એક જ પાત્રના મનોભાવને અભિવ્યક્ત કરવાનો રહેશે. બહુ પાત્રિય અભિનય કે મિમીક્રી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, પાત્રની પંસંદગી, વાસ્તવિકતા, અભિનય (આંગિક, વાચિક અને ભાવાત્મકતા), પાત્ર પ્રવેશ, એકાત્મતા, સમય અને સમગ્ર રજૂઆત જેવા અભિનયના પ્રધાન અંગો ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.